**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૬૦ ટકા

# સ્ટ્રોંગ રૂમ ખાતે થ્રી-લેયર સુરક્ષા

## પોલીસ, એસઆરપી અને ત્યારબાદ પેરા મિલેટરી ફોર્સનું સુરક્ષા લેયર તૈનાત : કોંગ્રેસ દ્વારા પણ સ્ટ્રોંગ રૂમ પાસે પહેરો



ગાંધીનગર, તા.૧૫
મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ઉમેદવારોના ભાવિ ઈવીએમ મશીનોમાં કેદ થઈ ગયા છે ત્યારે ગાંધીનગર જિલ્લાના આ ઈવીએમ મશીનો શહેરના સેકટર-૧૫ સ્થિત સરકારી કોલેજ ખાતે સ્ટ્રોંગ રૂમમાં થ્રી લેયર સિકયુરીટી વચ્ચે મુકી દેવામાં આવ્યા છે અને તેને કિલ્લેબંધી કરી દેવામાં આવી છે. ઈવીએમ સાથે કોઈ ચેડાં ન થાય તેની ખાસ તકેદારી માટે કોંગ્રેસ દ્વારા પણ સ્ટ્રોંગરૂમ પર પહેરો ગોઠવી ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

મત ગણતરી થાય ત્યાં સુધી એટલે કે ૧૮ તારીખ સુધી સે-૧૫ ગવર્મેન્ટ કોલેજ ખાતે સ્ટ્રોંગ રૂમ પાસે ચુસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવી સ્ટ્રોંગરૂમને ફરતે કિલ્લેબંધી કરી દેવામાં આવી છે. દરેક સ્ટ્રોંગરૂમ પર પીએસઆઈ-પી.આઈ. કક્ષાના એક અધિકારી સતત હાજર રહેશે. સ્ટ્રોંગ રૂમને અપાયેલી થ્રી લેયર સુરક્ષામાં પ્રથમ પોલિસ તૈનાત કરાઈ છે તેના સુરક્ષા કવચ બાદ એસઆરપીની સુરક્ષા રાખવામાં આવી છે આ બંને લેયરને અંતે ત્રીજુ લેયર પેરા મિલેટરી ફોર્સનુ ગોઠવવામાં આવ્યું છે. પોલીસ, એસઆરપી અને પેરા મિલેટરી ફોર્સ એમ થ્રી લેયર સુરક્ષા સ્ટ્રોંગ રૂમ ખાતે ગોઠવવામાં આવી છે. દર આઠ કલાકે આ સુરક્ષા કર્મીઓ બદલાતા રહેશે. આ સ્થળે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલિસ ફોર્સ ઉપરાંત ફાયરબ્રિગેડની ટીમ પણ સ્ટેન્ડ ટુ રાખવા જિલ્લા કલેકટરે આદેશ કર્યા છે. જિલ્લા કલેકટર અને જિલ્લા પોલિસ વડા દ્વારા સ્ટ્રોંગ રૂમ ખાતે દિવસભર સતત મુલાકાત અને મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. તો બીજી તરફ કોંગ્રેસ દ્વારા પણ તેમના કાર્યકરો આ સ્થળે મુકીને સ્પેશયલ વૉચ રાખવામાં આવી રહી છે.

## આજે સે-૨૧ ખાતે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૧૫
વિક્રમ સંવત ૨૦૭૪ માગશર માસની શિવરાત્રી તા. ૧૬ ડિસેમ્બરને શનિવારના રોજ હોવાથી રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા લઘુરૂદ્ર સ્વ. શ્રી મહેન્દ્રભાઈ શુકલને શ્રધ્ધાંજલિ સ્વરૂપે કરવાનો હોવાથી મંડળના સૌ સભ્યો સાંજે ૩ કલાકે સે-૨૧ ચ-૬ કોર્નર પાસે આવેલ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે આશુતોષની અર્ચન આરાધના કરવા ઉપસ્થિત થવા મંડળના મહામંત્રી બી.ડી. શર્માએ અનુરોધ કર્યો છે.

## આર.એન. પટેલ પ્રા. શાળામાં દાદા-દાદી વંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગરની સે-૨ ૩ની આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં દાદા-દાદી સન્માન સમારંભની સંસ્થાના નાથીબા હોલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓના દાદા-દાદીઓને નિમંત્રિત કરાયા હતા. જે પૈકી મોટી સંખ્યામાં દાદા-દાદી હાજર રહ્યા હતા. શરૂઆતમાં સૌ વિદ્યાર્થીઓએ સંસ્કૃતના શ્લોકોના પઠન સાથે દાદા-દાદીને કંકુ તિલક કરી પૂજન કરાવી આશીર્વાદ લીધા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મનીષાબેન દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. દાદા-દાદી દિનનો મહિમા અને આજના વર્તમાન સમયમાં તેના સામાજિક મહત્વના વિષય ઉપર ધોરણ-૬-એની વિદ્યાર્થીની હાર્દિ, ધો-૩-બીના ભટ્ટ મોક્ષ તથા ધો-૮-બના પ્રજાપતિ મંથને પોતાના વિચારો રજુ કર્યા હતા. ધો-૫ના વિદ્યાર્થીઓએ બાળગીત 'દાદાનો ડંગોરો લીધો' રજૂ કર્યુ હતું. ધો-૫ થા ૬ના વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુરુપ સંદેશો આપતા ૨ નાટક અને ૨ ડાન્સ રજુ કર્યા હતા. ધો-૬ના વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુરુપ દાદા-દાદી પર સમૂહગાન 'પ્યારે દાદી દાદાજી હૈ સબસે અનમોલ' રજૂ કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષક ખુશબુબેન પટેલ, કિરણબેન પટેલ તથા વસાવા આશિષભાઈએ મહત્વનો ફાળો આપ્યો હતો.

## શહેરમાં રાત-દિવસ ધમધમતા કાર્યાલયો હાલ સુમસામ બન્યા

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગર શહેરમાં છેલ્લા પંદર દિવસથી રાજકીય ગરમાવો જામ્યો હતો. ચૂંટણીમાં ઉમેદવારોએ ફોર્મ ભર્યા બાદ સતત કાર્યાલયો રાત-દિવસ ધમધમતા હતા. પરંતુ મતદાન પૂર્ણ થતા જ કાર્યાલયો સુમસામ લાગી રહ્યા છે. કેટલાક રાજકીય પક્ષોના કાર્યાલયો સવાર-સાંજ થોડીકવાર ખુલે છે જેમાં બે-ચાર કાર્યકર્તાઓ બેઠા હોય છે. કોઈ મોટા ગજાના કાર્યકર્તા કે હોદ્દેદાર ન હોવાથી અન્ય કોઈ કાર્યકર્તા ઉભા રહેતા નથી. જયારે કેટલાક કાર્યાલયો તો મતદાન પૂર્ણ થયું તે દિવસે બંધ થયેલા હોઈ સીધા સોમવારના રોજ મત ગણતરીના દિવસે ખુલશે તેમ લાગી રહ્યું છે. જયારે બીજી તરફ સતત રાત દિવસ પોતાના ઉમેદવારને જીતાડવા માટે મહેનત કરતા ઉમેદવારો ત્રણ દિવસ સુધી થાક ઉતારવા આરામ પર જતા રહ્યા હોવાથી પણ કાર્યાલયો સુમસામ બન્યા છે. છેલ્લા દસ દિવસથી વધુના સમયથી શહેરમાં રાત્રે બે-બે વાગ્યા સુધી કાર્યાલયો પર અનેરો માહોલ જામતો હતો. જયાં દિવસભરના કામની સમીક્ષા કરવામાં આવતી હતી તેમજ બીજા દિવસની રણનિતી પણ ઘડવામાં આવતી હતી. જયારે કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા ચા-નાસ્તાની જયાફત પણ ઉડતી રહેતી હતી આમ ઘડિયાળના કાંટે કામ કરતા કાર્યકર્તાઓ આરામની મુદ્રામાં હોવાથી કાર્યકરો વિનાના કાર્યાલયો સુમસામ લાગી રહ્યા છે. ત્યારે ચુંટણી જીત્યા બાદ પણ સામાન્ય નાગરિક માટે હંમેશા કાર્યાલય ખુલ્લું રહે તેમ નાગરિકો ઈચ્છી રહ્યા છે.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર ગામની સીમમાં આવેલ રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિકોત્સવ 'એજયુકેશન'ની થીમ પર તા. ૧૬ ડીસેમ્બરને શનિવારના રોજ બપોરે ૩.૧૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ વાલીગણ અને શાળા પરિવાર મોટી સંખ્યામાં હાજર રહેશે. જયારે વિદ્યાર્થીઓ દ્વારા ગીત-સંગીત, નૃત્ય-નાટિકા સહિતની કૃતિઓ રજુ કરવામાં આવશે.



ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિતે સરદાર શ્રીની પ્રતિમા સેન્ટ્રલ વિસ્ટા ખાતે પુષ્પાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં ભાજપ મહામંત્રી કનુભાઈ દેસાઈ, ઉપપ્રમુખ સુરેશભાઈ મહેતા, ઉરેન પટેલ , મહિલા મોરચા પ્રમુખ મણિબહેન દેસાઈ, બક્ષીપંચ મોરચા પ્રમુખ ભીમસી આહિર, વોર્ડ પ્રમુખશ્રીઓ અને સૌ કાર્યકર્તા ભાઈઓ બહેનોએ ઉપસ્થિત રહી સરદારશ્રીને યાદ કર્યા હતા.

# સવા બે કરોડના દારૂના ગોડાઉન પાછળ ૧૫ જેટલા બુટલેગરોનો હાથ...!

ગાંધીનગર, તા.૧૫
ચૂંટણીની તારીખ જાહેર થઈ ત્યાર બાદ ગાંધીનગર જિલ્લામાંથી બે મસમોટા ગોડાઉનો દારૂ-બિયરનો જથ્થો ભરેલા પકડાયા હતા. જેમાં કરોડોનો માલ ભરેલો હતો. બંને ગોડાઉનમાંથી એકેય બુટલેગર પકડાયા ન હતા. ખોરજના જે ગોડાઉનમાંથી સવા બે કરોડનો માલ પકડાયો તે ગોડાઉન જેના નામે ભાડે રખાયું હતું તેને અડાલજ પોલિસે બે દિવસમાં પકડી પાડયો હતો. તે શખ્સના રિમાન્ડ પણ પૂર્ણ થઈ ગયા પરંતુ કાંઈ મહત્વનું બહાર ન આવતા ફર્ધર રિમાન્ડ માંગ્યા પરંતુ મળ્યા નહિ. તે વખતની કૉલ ડીટેલ્સ આધારે પોલિસ બારીકાઈથી તપાસ કરી રહી છે. આ ગોડાઉન પાછળ ૧૫ જેટલા અમદાવાદ આસપાસના જ બુટલેગરોનો હાથ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. જો કે એ પૈકી એકેય પકડાયા નથી તો બીજી તરફ સાંતેજ પોલીસે પકડેલા ગોડાઉન પ્રકરણમાં તો હજુ સુધી એકે આરોપી પકડાયો ન હોવાનું ધ્યાને આવ્યું છે.

અડાલજ પોલિસે ખોરજ કન્ટેનર ડેપો પાસેથી જે દારૂ-બિયરનો મસ મોટો જથ્થો ભરેલું ગોડાઉન પકડયું હતું તે ભંગારનું ગોડાઉન જેના નામે લેવાયું હતું તે શખ્સને પોલિસે પકડી પાડયો હતો. સવા બે કરોડનો દારૂ-બિયરનો જથ્થો જે ગોડાઉનમાંથી પકડાયો તેમાં માલ ભરનાર આકાઓ સુધી પહોંચવા પોલિસે પુછપરછ કરી પરંતુ રિમાન્ડ પૂર્ણ થયા બાદ પણ કોઈ આકાઓ સુધી પોલિસ પહોંચી શકી નથી. વધુ પુછપરછ માટે પોલિસે ફર્ધર રિમાન્ડની માંગણી કરી પરંતુ મળી ન હતી. અડાલજ પોલિસે પકડાયેલા 'પ્યાદા'ની કોલ ડીટેઈલ કઢાવીને તેના સંપર્કમાં કોણ કોણ છે તે સહિતની વિગતો બહાર કાઢવા કૉલ ડીટેઈલ એનાલીસીસ શરુ કર્યું છે. પ્રાથમિક તપાસમાં આ ગોડાઉનમાં ૧૫ જેટલા અમદાવાદના નાના-મોટા બુટલેગરોની સંડોવણી બહાર આવી છે. તે ઉપરાંત 'આકા'ઓના પણ ચોંકાવનારા નામો બહાર આવે તો નવાઈ નહી...! હવે જોવું રહ્યું કે પોલિસના હાથ કયારે બુટલેગરો સુધી પહોંચી શકે છે...!

### કેટલા બુટલેગરોના નામ ખુલ્યા?

(૧) જીગ્નેશ મહેશભાઈ પટેલ, રહે. ૧૨ સારથી બંગ્લોઝ, સાયન્ય સીટી પાસે, સોલા, અમદાવાદ
(૨) અનિલ ધીરજભાઈ પટેલ, રહે. જે-૧૩, શાયોના સીટી, વિભાગ-૪, ઘાટલોડીયા, અમદાવાદ
(૩) ભાવેશ જે જીગ્નેશનો માણસ છે તેનું પુરું નામ સરનામું મળી આવેલ નથી
(૪) પ્રદીપ શ્યામલાલ જયસ્વાલ રહે. એ-૨, શ્લોક એપાર્ટમેન્ટ, અમરાઈવાડી, અમદાવાદ
(૫) સંતોષસિંહ ચૌહાણ તેનું પુરું નામ સરનામું મળી આવેલ નથી
(૬) બંશીભાઈ ઉર્ફે પંછી તેનું પુરું નામ સરનામું મળી આવેલ નથી
(૭) કુલદીપ વિષ્ણુસિંહ ચોહાણ, રહે. સીતપુર માંડલ અમદાવાદ (ઈનોવા ગાડીનો માલિક)
(૮) સોનુ જ્ઞાનસિંહ ભદોરીયા, રહે. પુનમચંદ શેઠની ચાલી ભીલવાડા-અમદાવાદ (ઈનોવા ગાડીનો માલિક)
(૯) માર્ગેશ શીરીષભાઈ પટેલ, રહે. માલીપોળ દીલ્લી ચકલા, ધર્મચોક શાહપુર, અમદાવાદ (ટાટા ૪૦૭ મીની ટ્રકનો માલિક)
(૧૦) પુરસોત્તમ બચુભાઈ પરીહાર, રહે. વાણીયાવાસ કણભા (ઝાયલો ગાડીનો માલિક)
(૧૧) વિશાલભાઈ મગનભાઈ ચૌહાણ, રહે. બી-૨૩, ધર્મભુમિ એપાર્ટમેન્ટ, સ્વામિનારાયણ કોલોની સીટીએમ, અમદાવાદ (કોરોલો ગાડીનો માલિક)
(૧૨) ગુરુચરણસિંહ તેનું પુરું નામ સરનામું મળી આવેલ નથી
(૧૩) જશબીર લંગડા તેનું પુરું નામ સરનામું મળી આવેલ નથી
(૧૪) મંગળસિંહ તેનું પુરું નામ સરનામું મળી આવેલ નથી
(૧૫) રોહિત યાદવ (પકડાઈ ગયેલ છે)

## સોમવારે સારેગામા-ગુજરાતનો સેમી ફાઈનલ રાઉન્ડ યોજાશે

ગાંધીનગર, તા.૧૫
સારેગામા-ઓપન ગુજરાત સિંગિંગ કોમ્પિટીશન-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાયકી ક્ષેત્રે નામના મેળવવા અનેક ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેમાંથી સારી ગાયકી કરનાર ઉમેદવારો સેમી ફાઈલરાઉન્ડ સુધી પહોંચી ગયા છે. ત્યારે ગાંધીનગર વિસ્તારના પાર્ટીસીપન્ટનો સેમિફાઈનલ રાઉન્ડ સ્મિત મ્યુઝીક સ્ટુડીયો પીડીપીયુ રોડ ગાંધીનગર ખાતે તા. ૧૮ ડિસેમ્બરને સોમવારના રોજ સવારે ૮ થી ૫ કલાક દરમિયાન યોજાશે. તો સેમી ફાઈનલ રાઉન્ડમાં પસંદગી પામેલા સ્પર્ધકોને સમયસર હાજર રહેવા સ્મિત મ્યુઝીક દ્વારા જણાવાયું છે.

## સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કાયાકલ્પની ટીમે સિવિલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગર સિવિલ હોસ્પિટલની કાયાકલ્પ યોજનાની ટીમે મુલાકાત લીધી હતી. ટીમ હોસ્પિટલના વિવિધ વિભાગોમાં ફરી હતી અને સ્વચ્છતાની ચકાસણી કરી હતી. આ પ્રસંગે સિવિલના અધિકારી-કર્ચમારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જાહેર જનતાના આરોગ્યની સુવિધા અને સ્વચ્છતાની ગાઈડલાઈન ચકાસવા કાયાકલ્પ યોજના અમલમાં મુકવામાં આવી છે ત્યારે રાજયમાં આવેલ તમામ જિલ્લાની તેમજ પી.એચ.સી. અને સી.એચ.સી. આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈને સ્વચ્છતાની ચકાસણી કરવામાં આવે છે. ગુજરાત રાજયના તમામ જિલ્લાની હોસ્પિટલમાં સ્વચ્છતા અંગે ગાઈડ લાઈન પ્રમાણે ચકાસણી કરવામાં આવે છે. આ ચકાસણીમાં પ્રથમ ક્રમે આવનાર સિવિલ હોસ્પિટલને લાખો રૂપિયા ઈનામ પેટે મળે છે. કાયાકલ્પની ટીમ દ્વારા વેસ્ટ મેનેજમેન્ટ, ઈન્ફેકશન કંટ્રોલ, સપોર્ટ સર્વિસ, હાઈજીની પ્રમોશન સહિતના મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવે છે કારણ કે જાહેર સ્થળો પર સ્વચ્છતા અત્યંત જરુરી છે. આરોગ્યપ્રદ જીવન માટે પણ સફાઈ એટલી જ મહત્વની છે. સિવિલની સુવિધામાં વધારો કરવામાં આવે તેમજ સફાઈને લઈને દર્દીઓ અને મુલાકાતીઓમાં હકારાત્મકતાનો અનુભવ થાય છે ત્યારે અમદાવાદના ડૉ. જયેશ સયદે અને અન્ય ડૉકટરની ટીમે તાજેતરમાં ગાંધીનગર સિવિલની કાયાકલ્પ યોજના અન્વયે મુલાકાત લીધી હતી. આ ટીમ સાથે સિવિલના અધિકારી પણ હાજર રહ્યા હતા અને સિવિલની ઓપીડી બિલ્ડીંગ, વિવિધ વોર્ડ, ઈન્ડોર બિલ્ડીંગ, લેબ સહિતના સ્થળોએ ફરીને સ્વચ્છતાની ચકાસણી કરી હતી અને આગામી સમયમાં કાયાકલ્પ યોજના માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

## વિદ્યાર્થીઓનો બ્રાન્ડીંગ પ્રોસેસનો પ્રોજેકટ પ્રસંશાને પામ્યો

ગાંધીનગર એક શિક્ષણ નગરી બની જવા પામ્યું છે. શહેરની કોલેજોમાં યુવા વર્ગ તેમની પ્રતિભા થકી કોર્પોરેટ માંધાતાઓનું ધ્યાન ખેંચી રહ્યો છે. શહેરના સે-૨૩ સ્થિત બીબીએ કોલેજમાં દર વર્ષે વિદ્યાર્થીઓની પ્રતિભા નિખારવા 'આઈના' તથા 'મેગ્નેટ' નામની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે જમાં એક સ્પર્ધા અભ્યાસેત્તર પ્રવૃત્તિની ક્ષમતા નિખારે છે તો બીજી સ્પર્ધા અભ્યાસલક્ષી આવડતની. આ વર્ષે 'મેગ્નેટ' સ્પર્ધામાં વિયાર્થીઓએ એકમેકથી ચઢિયાતા ધ્યાનાકર્ષક પ્રોજેકટ પ્રસ્તુત કર્યા હતા. જેમાં 'બ્રાન્ડીંગ ઓન કોકાકોલા' નામના પ્રોજેકટની વિજેતા તરીક પસંદગી કરાઈ હતી. આ પ્રોજેકટમાં વિદ્યાર્થીઓએ અગ્રણી સોફટ ડ્રિન્કસની પ્રોડેકટની બ્રાન્ડીંગ પ્રોસેસ, બ્રાન્ડીંગ કી પોઈન્ટસ થતા બ્રાન્ડના વિવિધ પ્રાપ્તિ સ્થાનો અંગે અસરકારક રજુઆત કરી હતી. આ પ્રોજેકટને કેતનકુમાર, કેલિશકુમાર, સોનાલી ગુપ્તા, નિલીમાકુમારી અને દિપાલી જોષીએ તૈયાર કર્યો હતો.



## સમસ્ત ખેડાલ મનસુરી ક્રેડિટ સોસાયટી દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૫
સમસ્ત ખેડાલ મનસુરી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી-મનસુરી ભવન, આલમપુર, તા.જી. ગાંધીનગર દ્વારા નવી બનાવેલી ક્રેડીટ મંડળીના સભાસદોનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૧૭-૧૨-૨૦૧૭ને રવિવારે સવારે ૧૦ કલાકે મનસુરી ભવન, આલમપુર ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ક્રેડીટ સોસાયટીની નવીન ઓફિસના ઉદઘાટનની સાથે સાથે સભાસદ ભાઈ-બહેનોના શેર સર્ટી વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવલ છે. સંસ્થાના પ્રમુખ યાકુબભાઈ એચ. મનસુરીએ ક્રેડીટ મંડળીમાં નોંધાયેલ સભાસદોને સમયસર હાજર રહેવા જણાવ્યું છે.



## લાયોનેસ કલબ દ્વારા વર્લ્ડ હેરીટેજ સીટીની મુલાકાત લેવાઈ

ગાંધીનગર,તા. ૧૫
સમગ્ર ભારતભરમાં અમદાવાદ શહેર જુનું અને જાણીતું છે. તાજેતરમાં અમદાવાદ શહેરને વર્લ્ડ હેરીટેજ સિટીનો દરજ્જો મળ્યો છે. લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા લાયોનેસ બહેનો માટે અમદાવાદ દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અમદાવાદના ગાંધી આશ્રમ, સરદાર સ્મારક, હઠીસિંહના દેરા, સીદી સૈયદની જાળી, ભદ્રનો કિલ્લો, રાણી સિપ્રી મસ્જિદ, ઝુલતા મિનારા, અડાલજની વાવ સહિત અનેકવિધ ગૌરવવંતી વિરાસતને બહેનોએ નિહાળી હતી. આ ટુરમાં લાયોનેસ પ્રેસીડેન્ટ મીનાક્ષીબેન જયસિંઘાણી, સેક્રેટરી નીતાબેન રાણા અને મોટી સંખ્યામાં લાયોનેસ સભ્યો જોડાયા હતા.

## રોટરેકટ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સ્ત્રી સશકિતકરણ માટે 'શકિત' ઈવેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૧૫
રોટરી કલબની યુવા વિંગ-રોટરેકટ લબ ઓફ ગાંધીનગર દ્વારા સ્ત્રી સશકિતકરણ વિષય પર ફકત ૩૦ વર્ષ કરતા વધુ ઉંમર ધરાવતી બહેનો માટે 'શકિત' ઈવેન્ટનું આયોજન તા. ૨૩-૧૨-૨૦૧૭ને શનિવારના રોજ વીપીએમપી, પોલીટેકનીક એલડીઆરપી - આઈટીઆર કેમ્પસ સેકટર-૧૫-ગાંધીનગર ખાતે સવારે ૯ કલાકથી સાંજના ૫.૩૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રની પ્રતિષ્ઠિત વિભૂતિઓ કૃષ્ણકાન્ત જહા, રૂજાન ખંભાતા, ડૉ. નિશા ગોસ્વામી, રતિલાલ બોરીગાસર, રાજેશ પ્રણામી, હિમાંશુ બુચ સાથે સંવાદનું આયોજન રાખવામાં આવેલ છે. પ્રોગ્રામમાં ભાગ લેવા માંગતી બહેનોએ રોટરી કલબના ફીઝીયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિર પાસે, સે-૨૨-ગાંધીનગરથી ફોર્મ મેળવી લઈ સવારે ૮ થી ૧૧ અને સાંજે ૪.૩૦ થી ૭.૩૦ દરમિયાન ૧૨૦ રૂ. ફી સાથે આવી પોતાનો રજિસ્ટર નંબર લઈ લેવો. આ ઉપરાંત ગાંધીનગર સમાચારમાં પણ ફોર્મ છપાશે જે ભરીને ઉપરના સ્થળે આપી શકાશે. વધુ માહિતી માટે પ્રણવ શુકલ-૮૪૮૩૦ ૬૩૪૩૧, પ્રથમ પરીખ ૮૧૪૦૭ ૬૧૬૩૩, સ્વાધીન ગુર્જર -૮૮૬૬૮૯૨૫૩૮નો સંપર્ક કરવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. અમીતકુમાર હરીશભાઈ મકવાણા, ઉ.વ. ૨૯
- સ્વ. જી.ડી. શર્મા, ઉ.વ. ૯૦
- સ્વ. ઢબુબા મદારસંગ વાઘેલા, ઉ.વ. ૧૦૦